મધ્યાહન ભોજન યોજના અંતર્ગત M.M.E.હેઠળ મળતી કેન્દ્ર
સરકારની સહાયની રકમ SSA હસ્તકના ખાતામાં જમા કરવા અને
ખર્ચની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મભય/૨૦૧૧/૫૪૯ /આર,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૩ /૧૦/૨૦૧૪

વંચાણે લીધાઃ-(૧) ભારત સરકારની NPNSPE-૨૦૦૬ની ગાઇડ લાઇન્સ

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૫ /૨૦૧૧નો સરખા ક્રમાકનો પત્ર.

(૩) કમિશ્નરશ્રી, મ.ભો.યો.ના તા.૪/૮ /૧૪ ના પત્ર ક્રમાંકઃMDM /હસબ/૨૦૧૪/૬૯૯૧

ઠ રા વ-

રાજયમાં મધ્યાહન ભોજન યોજનાના અમલ માટે ભારત સરકાર તરફથી M.M.E. ( Management, Monitoring & Evaluation ) હેઠળ મળતી સહાયમાંથી સંદર્ભ -(૩)માં દર્શાવેલ કમી.મ.ભો.યો.ના પત્રથી(અ) સને.૨૦૧૩-૧૪ મળેલ ગ્રાન્ટમાંથી રુ.૩૧૬.૪૦ લાખનો ખર્ચ કરવા અને (બ) સને.૨૦૧૪-૧૫ મ.ભો.યો.અંતર્ગત મળેલ રુ.૧૯૮.૦૪ લાખની પ્રથમ હપ્તાની ગ્રાન્ટ એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવવા અને રુ.૧૯૮.૦૪ લાખનો ખર્ચ કરવાની મંજુરી માટે દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

૨. પ્રસ્તુત બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે (અ) સને.૨૦૧૩-૧૪ મળેલ ગ્રાન્ટમાંથી રુ.૫૧.૫૮ લાખનો (અંકે રુપિયા એકાવન લાખ અઠાવન હજાર પુરા)ખર્ચ કરવા અને (બ) સને.૨૦૧૪-૧૫ મ.ભો.યો.અંતર્ગત મળેલ રુ.૧૯૮. ૦૪ લાખની(અંકે રૂપિયા એક કરોડ અઠાણું લાખ ચાર હજાર પુરા)ની પ્રથમ હપ્તાની ગ્રાન્ટ એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવવા અને તે પૈકી રુ.૧૬૩.૦૪ લાખનો (અંકે રૂપિયા એક કરોડ ત્રેસઠ લાખ ચાર હજાર પુરા)ખર્ચ કરવાની આથી નીચેની બાબતે /શરતોએ આથી મંજૂરી આપવામાં આવે છે.

(અ) સને.૨૦૧૩-૧૪ મળેલ ગ્રાન્ટમાંથી રુ.૫૧.૫૮ લાખનો ખર્ચ નીચેની બાબતે મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | યોજનાની વિગત | રકમ રુ.લાખમાં |
|---|---|---|
| ૧ | સોફ્ટ વેર માટે | ૪૮.૪૯ |
| ૨ | એન્ટી વાયરસ | ૦૦.૧૬ |
| ૩ | તાલીમ,મીટીંગ,વર્કશોપ/યોજનાની મીટીંગ | ૦૨.૯૩ |
| | કુલ | ૫૧.૫૮ |

(બ) સને.૨૦૧૪-૧૫ મ.ભો.યો.અંતર્ગત મળેલ રુ.૧૯૮. ૦૪ લાખની ગ્રાન્ટ એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉ ન્ટમાં જમા કરાવવા અને અને તે પૈકી રુ.૧૬૩.૦૪ લાખનો ખર્ચ નીચેની બાબતે કરવાની મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | યોજનાની વિગત | રકમ રુ.લાખમાં |
|---|---|---|
| ૧ | તાલુકા કક્ષાએ ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યા ૨૪૩ રુ.૬૦૦૦ X ૮માસનો ખર્ચ | ૧૨૧.૪૪ |
| ૨ | કમી.મ.ભો.યો.કચેરીના પ્રોજેક્ટ કો-ઓડીનેટરની જગ્યા ૨ X રુ.૨૫૦૦૦ X૧૨ માસનો ખર્ચ | ૦૬.૦૦ |
| ૩ | જિલ્લા કક્ષાએ પ્રોજેક્ટ કો-ઓડીનેટરની જગ્યા ૩૨ X રુ.૧૦,૦૦૦ X ૮માસનો ખર્ચ | ૨૫.૬૦ |
| ૪ | જિલ્લા તાલુકા કક્ષાના કર્મચારીઓને તાલીમ આપવાનો ખર્ચ | ૧૦.૦૦ |
| | કુલ | ૧૬૩.૦૪ |

(૧) કમિશ્નરશ્રી, મ.ભો.યો. દ્વારા આ બાબતે જરુરી ઉપયોગિતા પ્રમાણપત્ર ભારત સરકારને આ વિભાગ મારફત મોકલી આપવાનું રહેશે.

(૨) બચત રહેતી રકમ એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવીને તેની અત્રે જાણ કરવાની રહેશે.

(૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહિ.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતો વખતોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(૭) આઇ.ટી.સબંધિત ખરીદી માટે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની પ્રવર્તમાન સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૮)ભારત સરકારની મ.ભો.યો. અંગેની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૯/૯/૨૦૧૪ અને તા.૧/૧૦/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.ડી.હળપતિ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રા.શિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (ઉ.અને ટે શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- સેકશન અધિકારી શ્રી,બજેટ,નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા સારૂ)
-- નાયબ સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઇલ.,
-- સિલેકટ ફાઇલ.